એસટીની ત્રણ બસ દોઢ મહિનાથી અનિયમિત હોવાની મુસાફરોની રાવ

કોબા સર્કલ પાસે આઈશરમાં આગ

નંદાસણથી માલ આઈશરમાં ભરીને ડ્રાઈવર સુરત જવા નીકળ્યો હતો : આગનું કારણ હજુ અસ્પષ્ટ

ગાંધીનગર, તા.૭

નંદાસણથી પેપર સીટોનો માલ આઈશર ટ્રકમાં ભરીને ડ્રાઈવર સુરત જવા નીકળ્યો હતો ત્યારે ગઈ રાત્રે અચાનક કોબા સર્કલ પાસે આ આઈશરમાં આગ ભભુકી ઉઠી હતી. આગને જોઈને ડ્રાઈવર ફટાફટ ટ્રકમાંથી ઉતરી ગયો હતો અને પોલીસ કંટ્રોલને જાણ કરતાં પોલીસના કોલને આધારે ફાયરબ્રિગેડની ટીમ કોબા સર્કલ પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી. જો કે આગ કેવી રીતે લાગી હશે તે બાબત હજુ અસ્પષ્ટ છે સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી નથી.

કડી પાસેના નંદાસણ વિસ્તારમાંથી ડ્રાઈવર ચંદ્રકાન્ત પટેલ આઈશર ટ્રક નં. જીજે-૫ એ.ટી. ૩૩૨૭ લઈને નીકળ્યો હતો. ડ્રાઈવર ટ્રકમાં પેપર સીટો ભરીને સુરત તરફ જવા નીકળ્યો હતો ત્યારે રાત્રે કોબા સર્કલ પાસે આઈશરે આગ પકડી હતી. આઈશરમાં અચાનક લાગેલી આગ ડ્રાઈવરને સાઈડ મીરરમાંથી દેખાતા તે પણ ચોંકી ગયો હતો અને એક સાઈડમાં ટ્રક ઉભી કરી દઈ પોલીસ કંટ્રોલમાં આગની જાણ કરી હતી. કંટ્રોલ રૂમમાંથી ગાંધીનગર ફાયરબ્રિગડને કોલ મળતા ફાયર ઓફીસર મહેશ મોડ થતા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીથી આગને કાબુમાં લઈ લીધી હતી. સદભાગ્યે કોઈને ઈજા કે જાનહાની થવા પામી ન હતી પરંતુ પેપર સીટો અને ટ્રક અડધી સળગી ગઈ હતી. આગ કેવી રીતે ભભુકી તે બાબતે હજુ પણ પ્રશ્નાર્થ છે.

@ગાંધીનગર

● નશાબંધી સપ્તાહ અંતર્ગત સવારે ૧૦.૩૫ કલાકે શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજ ખાતે વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તેમજ ઈનામ વિતરણના કાર્યક્રમો યોજાશે.

- નજાહખાનમ સૈયદ

સિવિલના નવા બિલ્ડીંગના ત્રીજા માળે દર્દીઓની પાણીની પોકાર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં નિર્માણ પામેલ નવા બિલ્ડીંગના ત્રીજા માળે પાણી ન આવતા દર્દીઓની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. નવા બિલ્ડીંગમાં પાણી સહિતની જવાબદારી પી.આઈ.યુ. સંભાળે છે. પરંતુ પી.આઈ.યુ.ની નબળી કામગીરી સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જિલ્લાના હજજારો દર્દીઓ વિવિધ રોગોની સારવાર માટે આવે છે. શહેરની હોસ્પિટલને લાખો રૂપિયના ખર્ચે હાઈટેક બનાવવામાં આવી છે. છતાં પણ અવાર નવાર ક્ષતિઓ બહાર આવે છે. તાજેતરમાં નવા બિલ્ડીંગના આઠમા પાણે પાણીની પોકાર ઉઠી હતી. તંત્ર દ્વારા તેનો નિવેડો લાવવામાં આવ્યો હતો જયારે ફરીવાર નવા બિલ્ડીંગના ત્રીજા માળે આઠ બેડનો આઈ.સી.સી.યુનો વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો છે ત્યારે ફરીવાર પાણીની પોકાર ઉઠવા પામી છે. પાણી ન આવતા દર્દીઓ તેમજ સગાઓની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. પી.આઈ.યુ.ની નબળી કામગીરીને પગલે અવાર-નવાર પાણીના પ્રશ્નો ઉદભવે છે. નવા બિલ્ડીંગમાં આવી તકલીફો પડતા સીવીલમાં આવતા નાગરિકો પણ આશ્ચર્ય પામે છે.

શુભ સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટનો નિઃશુલ્ક નિદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૭

શુભ સંકલ્પ ફાઉન્ડેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૧૧મી ઓકટોબરના રોજ સવારે ૮-૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન નિઃશુલ્ક મેડીકલ નિદાન કેમ્પ તેમજ રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. સારવાર નિદાન અંગેના શિબિરમાં જનરલ તપાસ, બી.એમ.આઈ., ડાયાબિટીશ, બ્લડપ્રેશર વગેરે સેવાઓ માટે નિષ્ણાંત ડોકટરોની ટીમ ઉપલબ્ધ કરાવવામાં આવશે. શિબિરમાં કોઈ પણ વર્ગ અને ઉંમરના વ્યકિતઓ વિના મૂલ્યે લાભ લઈ શકશે. ગાયત્રી મંદિરના બેઝમેન્ટમાં આવેલા હોલ ખાતે શિબિરો યોજવામાં આવશે. આ શિબિરનો લાભ લેવા નગરના તમામ નગરજનોને કાર્યકારી ટ્રસ્ટી જીગર રાણાએ જણાવેલ છે.

વાતવાતમાં

● પાટીદાર અનામત આંદોલનના અગ્રણી નેતા લાલજી પટેલ તેમના ટેકેદારો સાથે પરમ દિવસે પોલીસભવન ખાતે ડીજી સાહેબની મુલાકાત લીધી હતી. મુલાકાતમાં ડીજી સાહેબે પોલીસની હાજરીનું મહત્વ ભૂતકાળની ઘટનાના ઉદાહરણ સાથે સમજાવતા તેમને તમામે તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

● આજે પણ ચ-૩ સર્કલ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક કાર સાથે સ્કુટર ભટકાયું હતું. આ ઘટનામાં સ્કુટર ચાલકને સદભાગ્યે નજીવી ઈજાઓ થવા પામી હતી.

● નવરાત્રિના પડઘમ વાગતા સોસાયટીઓમાં રાત્રે મોટેરાઓ તૈયારીઓ કરવા ગરબા ચોકમાં એકઠા થાય છે. આ જોઈ ઘરના બાળકોના મન પણ તેમના ગબ્બર તૈયાર કરવા જવા લલચાય છે પણ પરીક્ષાઓ ચાલુ હોવાથી મમ્મીઓની અનુમતી મળતી નથી.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

એસટીની ત્રણ બસ દોઢ મહિનાથી અનિયમિત હોવાની મુસાફરોની રાવ

ગાંધીનગર, તા. ૭

બપોરે ૩થી ૩.૩૦ દરમ્યાન આવતી ત્રણ એસટી બસ છેલ્લા બે દોઢ માસ જેટલા સમયથી અનિયમિત દોડી રહી હોવાની અને તે કારણે નિયમિત મુસાફરોની તકલીફો વધી રહી હોવાની ફરિયાદ મુસાફરો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

બપોરે ૩થી ૩.૩૦ના સમયગાળા દરમ્યાન આવતી આ ત્રણેય બસો સેકટર-૨૮થી ઉપડે છે અને પોલીટેકનીક, લાલ દરવાજા તથા ગીતા મંદિર જાય છે. આ બસમાં ઘણા નિયમિત મુસાફરો મુસાફરી કરે છે, જેમાં નોકરિયાત અને વિદ્યાર્થીઓ પણ છે. પરંતુ છેલ્લા દોઢ માસથી આ ત્રણેય બસ પોતાના નિયત સમયે દોડી નથી રહી. બસ મોડી આવવાથી નોકરિયાત લોકોને તકલીફ પડી રહી છે અને તેઓ કામના સમય કરતાં મોડા કચેરીએ પહોંચી રહ્યા છે. એ જ રીતે પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થીઓનો સમય પણ વ્યય થઈ રહ્યો છે.

ગઈકાલે જ મુસાફરો દ્વારા આ બાબતે ગાંધીનગર ડેપો મેનેજરને રજૂઆત કરવામાં આવી હતી. પ્રત્યુત્તરમાં મેનેજર દ્વારા તપાસ કરીને યોગ્ય વ્યવસ્થા કરવાની બાંહેધરી આપવામાં આવી હતી, પરંતુ બુધવારે પણ આ બસ સમયસર પહોંચી નથી.

મુસાફરોને આશ્ચર્ય એ વાતનું થાય છે કે જશોદાનગર, સિવિલ હૉસ્પિટલ, કાલુપુર જેવા પૂર્વ અમદાવાદના વિસ્તારો માટે આ જ સમયગાળામાં કુલ ૮ બસો દોડાવાય છે, આ બસો મોટાભાગે નિયમિત હોય છે. પરંતુ આશ્રમ રોડ અને પશ્ચિમ તરફ જતી ત્રણ બસો જ મોડી પડે છે, જેના કારણે ડેપો ઉપર મુસાફરોની ઘણી જ ભીડ એકત્ર થઈ જાય છે અને જેમતેમ કરીને બસ દ્વારા અમદાવાદ પહોંચાય તો પણ સમય ચૂકી જવાય છે એવી ફરિયાદ મુસાફરો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૩ની શાળાકીય પ્રાયોગિક પરીક્ષામાં ફેરફાર

ગાંધીનગર, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ અને ૩ ઓકટોબર/નવેમ્બર ૨૦૧૫ની શાળાઓ દ્વારા લેવાતી પ્રાયોગિક પરીક્ષા તા. ૨૬-૧૦-૧૫ થી તા. ૩૦-૧૦-૧૫ નિયત કરવામાં આવી હતી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના પ્રોગામમાં ફેરફાર થતાં હવે આ પ્રાયોગિક પરીક્ષા શાળાઓએ તા. ૧૫-૧૦-૧૫ થી તા. ૨૫-૧૦-૧૫ સુધીમાં અનુકુળતા મુજબ લેવાની રહેશે અને પ્રાયોગીકતા ગુણપત્રક તા. ૩૦-૧૦-૨૦૧૫ સુધીમાં બોર્ડની કચેરીને મળી રહે તે રીતે મોકલવાના રહેશે તેવું પરીક્ષા સચિવ વી.આર. ગોસાઈએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સે. પહોંચતા ગરમી વધી

ગાંધીનગર, તા.૭

હાલમાં ઋતુ પરિવર્તનનો ગાળો પસાર થઈ રહ્યો છે. વરસાદના હવે કોઈ એંધાણ જોવા મળતા નથી ત્યારે દિવસ દરમિયાન ખુબ આકરો તડકો પડી રહ્યો છે. જેના કારણે ખુબ ગરમી પડે છે.

ભાદરવા માસના અંતિમ દિવસો ચાલી રહ્યા છે. વરસાદે હવે વિદાય લઈ લીધી હોય તેવું લાગી રહ્યું છે. હાલમાં ઋતુ પરિવર્તનનો ગાળો ચાલી રહ્યો છે ત્યારે કયારેક ખુબ ગરમી અનુભવાય છે તો કયારેક વાતાવરણ આહલાદક લાગે છે. આજે દિવસ દરમિયાન ખુબ આકરો તડકો પડયો હતો જાણે ઉનાળાના દિવસો હોય તેવો અહેસાસ થતો હતો. ભાદરવાની આકરી ગરમી સૌને હેરાન પરેશાન કરી રહી છે. આજે આકરા તડકાના કારણે શહેરમાં ખુબ ગરમી અનુભવાઈ હતી. બપોરના સમયે તો ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. જાણે ગરમ લુ ફુંકાતી હોય તેવો અહેસાસ થતો હતો. આકરી ગરમીથી સૌ કોઈ ત્રાસી ગયા હતા. ઠંડા પીણાનો વપરાશ વધ્યો હતો. આકરી ગરમી વચ્ચે આજે મહત્તમ તાપમાન ૩૮.૦ ડિ.સે. નોંધાયું હતું. જયારે લઘુતમ તાપમાન ૨૪.૫ ડિ.સે. રહ્યું હતું. ભેજનું પ્રમાણ સવારે ૬૩ ટકા અને સાંજે ૪૮ ટકા નોંધાયું હતું.

સુરેન્દ્રનગર જિલ્લામાં અનુ. જાતિના કુટુંબને ઘરવિહોણા કરતા મામલતદાર

સુરેન્દ્રનગર વણકર સમાજ ગાંધીનગરના મહામંત્રીશ્રી જે.ટી. સિંધવ જણાવેલ છે કે મોરબી જિલ્લાના પીંપળી ગામના શ્રી ગૌતમભાઈ સોમાભાઈ અંબાલીયા છેલ્લા ૨૫ વર્ષથી સર્વે નં. ૩૦૪/૧ના પ્લોટ નં. ૩૭માં પાકા મકાનમાં રહેતા હતા. હાઈકોર્ટ, સુપ્રીમકોર્ટના ગુજરાત સરકારના હૂકમો હોવા છતાં મામલતદારશ્રીએ સદર બાંધકામ દબાણ માની મકાન જમીન દોસ્ત કરેલ છે. અનુ. જાતિના ગરીબ મજુર બી.પી.એલ. કુટુંબને બેઘર બનાવેલ છે. જેનો ન્યાય મેળવવા છેલ્લા ૪૫ દિવસથી ગાંધીનગર ખાતે ઉપવાસ ધરણા ઉપર છે. વિશેષ અનુજાતિના ગરીબ કુટુંબને રૂ. પાંચ લાખ જેટલી રકમ ભરવા માટે મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સહમતી માંગેલ છે.

શહેરમાં ઓવરબ્રિજ બનાવવા તંત્રને મહિલા સંઘર્ષ સમિતિની રજુઆત

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરનો વિકાસ ઝડપથી વધી રહ્યો છે. શહેરમાં અત્યારે હાલના સમયે પચાસ હજારથી પણ વધુ ૩ વ્હીલર, ફોર વ્હીલર વાહનો છે. શહેરના ટ્રાફિકને ધ્યાનમાં લઈ નગરના ઘ-૦ અને ચ-૦ માર્ગ પર ઓવર બ્રિજ બનાવવા તેમજ ઘ-૧ પાસેની જમીનમાં ગાર્ડન બનાવવામાં આવે તેવી સરકાર સમક્ષ રજુઆત મહાગુજરાત મોંઘવારી અત્યાચાર મહિલા સંઘર્ષ સમિતિ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી ટ્રાફિક સમસ્યાનો પ્રશ્ન માથાના દુઃખાવા સમાન બની ગયો છે. માર્ગો પહોળા હોવા છતાં વાહનોની લાંબી કતારો જોવા મળે છે. શહેરમાં વસ્તી વધતા વાહનોની માંગમાં વધારો થવા પામ્યો છે. જેને પગલે નગરમાં ઘેર ઘેર ગાડી તેમજ ટુ વ્હીલર જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગો ઘ-૦ અને ચ-૦ માર્ગ પર ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની છે. તેમજ આગામી સમયમાં પણ વધુ ઘેરી બનશે. શહેરમાંથી વાહન વ્યવહાર ઝડપી અને સરળતાથી પસાર થાય તે માટે ચ-૦ જેવું સર્કલ ઘ-૦ પાસે બનાવવાની માંગ કરી છે. મહાનગર પાલિકામાં બંધાતા ઓવરબ્રિજ આ બે માર્ગ પર બનાવવામાં આવે તો લોક ઉપયોગી બની રહેશે. ટ્રાફિક સમસ્યાનો ઉકેલ તેમજ વાહન વ્યવહાર ઝડપી બની રહેશે. વધુમાં તેઓએ ઘ-૦ થી ઘ-૧ વન વિભાગના વિસ્તારની આવેલી જમીન પર મોટો બગીચો બનાવવામાં આવે જેથી નવા સેકટરના રહીશોને આ ગાર્ડનનો લાભ મળી રહે. નગરના સે-૨૮, સરિતાઉદ્યાન જે બગીચાઓ છે તે જૂના અને જાળવણીના અભાવે બિસ્માર હાલતમાં છે તેમજ નવા સેકટરથી દુર પડે છે. આ ભાગ શહેરનો મધ્યભાગ બની ગયો છે તો આ વિસ્તારમાં બગીચો બનાવવામાં આવે તેવી માંગ મહિલા સંઘર્ષ સમિતિએ સરકાર સમક્ષ કરી છે.

ગાંધીનગર કલર કોન્ટ્રાકટર વેલ્ફેર એસોસિએશનનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર કલર કોન્ટ્રાકટર વેલ્ફેર એસોસિએશન દ્વારા સ્નેહ મિલન સમારોહનું આયોજન આજરોજ સેકટર-૨૩ લગ્નવાડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કલર કોન્ટ્રાકટરને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરના કલર કોન્ટ્રાકટરો હાજર રહ્યા હતાં.

શહેરમાં ગાંધીનગર કલર કોન્ટ્રાકટર વેલ્ફેર એસોસિએશનની સ્થપાના થઈ છે. ત્યારબાદ સૌ પ્રથમવાર શહેરના સે-૨૩ ખાતે આવેલ લગ્નવાડીમાં સ્નેહમિલન સમારોહ અને જનરલ મિટીંગ પણ યોજાઈ હતી. આ પ્રસંગે હાજર હોદ્દેદારોએ કોન્ટ્રાકટરના નિયમો, એસોસિએશનથી થતાં ફાયદા, કલરકામનું પ્રાઈઝ લીસ્ટ તેમજ સરકારના તમામ નિયમને અસોસિએશન અનુસરશે તેવી ચર્ચા થઈ હતી. જયારે નગરના નાગરિકને કલરકામ દરમિયાન સંતોષ ન થયો હોય તો તે ગ્રાહક એસોસિએશનને ફરિયાદ કરી શકે છે. કોન્ટ્રાકટર પાસેથી એસોસિએશન ગ્રાહકને સંતોષ થાય તેવું કામ કરાવશે પરંતુ કોન્ટ્રાકટર એસોસીએશનનો સભ્ય હોય તો જ કલરકામ સાથે સંકળાયેલા કારીગરોને કામ મળી રહે તે દિશામાં એસોસિએશન કામગીરી કરશે. શહેરીજનોને પણ એસોસિએશનને પગલે કલરકામની ઝડપી અને સરળ સેવા મળશે. આ એસોસિએશનમાં નગરના પાંચસોમાંથી અઢીસો જેટલા કોન્ટ્રાકટરો જોડાઈ ગયા છે. જયારે બાકીના ટુંક સમયમાં જોડાશે. આ પ્રસંગે પ્રમુખ પ્રહલાદભાઈ યાદવ, મંત્રી રાજેશ પટેલ, અજયભાઈ યાદવ, ઉપપ્રમુખ ગોવિંદભાઈ મકવાણા, દિલાવરખાન કે. બલોચ (સહમંત્રી) મનોજ યાદવ, રાજુભાઈ દંતાણી, અવધેશ યાદવ સહિત મોટી સંખ્યામાં કલરકામ સાથે જોડાયેલા વેપારીઓ હાજર રહ્યા હતાં.

સૌરાષ્ટ્ર લુહાર-સુથાર જ્ઞાતિના તેજસ્વી તારલાઓને સન્માનવામાં આવ્યા

આશરે ૭૦થી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓને વિવિધ ઈનામો સાથે પ્રમાણપત્રો આપી બિરદાવાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના નગરપાલિકા ભવન ખાતે તાજેતરમાં સૌરાષ્ટ્ર લુહાર-સુથાર જ્ઞાતિ મંડળ તથા તેજસ્વી તારલાઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આશરે ૭૦થી વધુ બાળકોને સન્માનવામાં આવ્યા હતા.

વિવિધ જ્ઞાતિ સમાજ દ્વારા સભ્યોના અભ્યાસમાં તેજસ્વી બાળકોને સન્માનવામાં આવતા હોય છે જેના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસમાં આગળ વધવાની પ્રેરણા સાથે શિક્ષણનું મહત્વ પણ સમજાય છે. ગાંધીનગરના સૌરાષ્ટ્ર લુહાર-સુથાર જ્ઞાતિ મંડળ દ્વારા પણ તેમના સમાજના અભ્યાસમાં તેજસ્વી બાળકોને સે-૧૧માં નગરપાલિકા ભવન ખાતે એક સમારંભ યોજી વિધિસર સન્માનવામાં આયા હતા. આશરે ૭૦થી વધુ તેજસ્વી તારલાઓને વિવિધ ઈનામો થતા પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના અગ્રણીઓએ વિદ્યાર્થીઓને જીવનમાં શિક્ષણના મહત્વ અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું તથા અન્ય બાળકોને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓ દ્વારા વ્યકિતત્વ વિકાસ પ્રત્યે ગંભીર થવા શીખ આપી હતી. કાર્યક્રમમાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

શરદઋતુના વધામણાની તૈયારીઓ

સંધ્યાએ પણ સમય બદલ્યો, હાલમાં મધરાતે અને વહેલી પરોઢે ઠંડીની જબરદસ્ત જમાવટ

ગાંધીનગર, તા.૭

ભાદરવાના આકરા તાપથી સમસમી ઉઠેલા લોકો સમી સાંજથી હાશકારો અનુભવે છે. શિયાળાના બિલ્લીપગના આગમનના અણસાર મળી રહ્યા છે. જેમાં દિવસ ટુંકો થઈ રહ્યો છે અને રાત્રી લાંબી બની છે. વળી મધરાતે અને વહેલી પરોઢે જબરદસ્ત ઠંડીની જમાવટથી વાતાવરણ પણ હલકુકુલ બનીને ઠંડક પીરસી રહ્યું છે. સમી સાંજે એકાદ કલાક વહેલું અંધારું થઈ જતાં સંધ્યા રાણી પણ વહેલા પધારતા થઈ ગયા છે. જો કે બેવડી ઋતુ માનવશરીર ઉપર વિપરીત અસરો પેદા કરતી હોય છે જેથી લોકોએ આ સંજોગોમાં શરીર પ્રત્યે સતર્ક રહેવું આવશ્યક બન્યું છે.

વહેલી પરોઢે મોર્નિંગ વોક માટે નીકળતા નગરજનોને હાલમાં ખુશનુમા અને આહલાદક વાતાવરણનો અહેસાસ થઈ રહ્યો છે. નવલી નવરાત અને દિપાવલી અંતર્ગત ગૃહિણીઓ ભાદરવાના દઝાડતા તાપનો લાભ લઈ ઘરની ચીજવસ્તુઓને તપાવી લે છે પરંતુ આ અંગ દઝાડતા તાપના હાહાકાર પછી સમી સાંજે ઠંડા પવનો શરૂ થતા સૌ કોઈ હાશકારો અનુભવે છે. શિયાળાનું પા...પા... પગલી આગમન સૌને લોભાવી રહ્યું છે.

જેના અણસાર મધરાતથી વહેલી પરોઢે મળી રહ્યા છે. અને ભારે ઠંડીનો અહેસાસ થાય છે જેની ફળશ્રુતિ સવારે ઝાકળ સ્વરૂપે નજરે પડે છે.

હાલ દિવસ એકાદ કલાક ટુંકો થઈને લગભગ સાડા છ એ સંધ્યાને આમંત્રિત કરી દે છે. જેની જાણ ધંધા-રોજગારવાળા, નોકરીયાત અને દિવસ-રાતની પાળીમાં ફરજ બજાવતા લોકોને જલદીથી થઈ જાય છે. ઋતુચકમાં આવેલા ફેરફારની અસરો કુદરતી રીતે થતી જ હોય છે. જો કે ગ્લોબલ વોર્મિંગની અસરો થકી ભારતના ઋતુચક પણ અંશતઃ પરોઢે મળી રહ્યા છે. અને ભારે ઠંડીનો અહેસાસ થાય છે જેની ફળશ્રુતિ સવારે ઝાકળ સ્વરૂપે નજરે પડે છે.

હાલ દિવસ એકાદ કલાક ટુંકો થઈને લગભગ સાડા છ એ સંધ્યાને આમંત્રિત કરી દે છે. જેની જાણ ધંધા-રોજગારવાળા, નોકરીયાત અને દિવસ-રાતની પાળીમાં ફરજ બજાવતા લોકોને જલદીથી થઈ જાય છે. ઋતુચકમાં આવેલા ફેરફારની અસરો કુદરતી રીતે થતી જ હોય છે. જો કે ગ્લોબલ વોર્મિંગની અસરો થકી ભારતના ઋતુચક પણ અંશતઃ રીતે ડહોળાઈ ગયા છે અને ઋતુ મુજબ ચોકકસ ફેરફારો સમયસર થતા નથી અને તે કારણે માનવ શરીર ઋતુજન્ય રોગચાળાના ભરડામાં આવી જાય છે. હાલના સંજોગો મુજબ દિવસે આકરો તાપ અને રાત અને સવારે ઠંડી. આમ બેવડી ઋતુના ચકકરમાં રોગપ્રતિકારક શકિતમાં ઘટાડો થતાં શરદી, તાવ, ઉધરસ વગેરે રોગો હાવી થઈ રહ્યા છે જેથી લોકોએ સતર્કતા દાખવવી જરુરી છે. છતાં પણ ઋતુઓમાં શ્રેષ્ઠ ગણાતા શિયાળા માટે લોકોની આતુરતા ખુબ જ દિલચશ્પ હોય છે.

વિદેશ અભ્યાસ અંગે નિઃશુલ્ક સેમિનાર

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે હવે વિદેશમાં અભ્યાસ માટે તકો વધતી જાય છે. આ તકોનો લાભ ઉઠાવી વિદેશમાં અભ્યાસ કરવા જવા માટે શું કરવું અને કઈ બાબતોનું ધ્યાન રાખવું જેથી લેભાગુ તત્વોનો ભોગ ના બની જવાય તેવી અનેક માહિતી પ્રદાન કરતા વિના મૂલ્યે માર્ગદર્શન સેમિનારનું તા. ૧૦મી ઓકટોબરે ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. સેમિનાર સવારે ૯.૩૦ થી ૧ વાગ્યા દરમિયાન યોજાશે.

વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે કાર્યરત મારૂતિ ઓવરસીઝ દ્વારા આ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સેમિનારમાં વિદેશ અભ્યાસ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો ઉપરાંત ઈમિગ્રેશન તથા પ્રવાસ પ્રક્રિયા, એર ટ્રાવેલીંગ વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જે તે દેશના કાયદા-કાનૂન સહિત અભ્યાસ બાદ મળતી કારકિર્દી ઘડતર અંગે ઝીણવટભરી માહિતી પ્રદાન કરવામાં આવશે.

ચિરવિદાય

- સ્વ. શૈલેશકુમાર જીવણલાલ પરમાર, ઉ.વ. ૫૪
- સ્વ. હસુબેન મફતલાલ પંડયા, ઉ.વ. ૭૮
- સ્વ. ત્રિવેદી વિશ્વેશકુમાર જગદીશચંદ્ર, ઉ.વ. ૫૦